# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 GRADE – 'A'

Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


એકેડેમીક વિભાગ

## પરીપત્ર

## બી.એડ્.અભ્યાસક્રમ ૨૦૨૩-૨૪ માં પ્રવેશ પ્રક્રિયાનો ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.

<table>
<tr><td colspan="2">યુનિવર્સિટી સંચાલિત બી.એડ્. કોલેજ તથા સંલગ્ન સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં પ્રવેશ કાઉન્સેલિંગ બાદ ખાલી સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ પર તા. ૦૪/૦૭/૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવશે.</td></tr>
<tr><td>૦૫/૦૭/૨૦૨૩<br>થી<br>૧૦/૦૭/૨૦૨૩</td><td>૧. અગાઉ જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં પ્રવેશ ફોર્મ સહિત અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન કરાવેલ છે તેઓએ ફોર્મ વેરીફીકેશન કરાવવાનું રહેશે નહી. તેમજ નવું પ્રવેશ ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી. તેવાં વિદ્યાર્થીઓએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી સીટોની માહિતી મેળવી, પ્રવેશ ફોર્મ પર પ્રવેશ આપવા અંગેની ભલામણ, તેમજ સહી સિક્કા કરાવી યુનિવર્સિટીમાં તા. તા. ૧૦/૦૭/૨૦૨૩ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં રૂમ નં. ૧૧૮ માં રજૂ કરવાનું રહેશે.<br>૨. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા. ૦૫/૦૭/૨૦૨૩ થી તા. ૧૦/૦૭/૨૦૨૩ સાંજે ૪.૦૦ કલાક સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>૩. ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી સીટોની માહિતી મેળવી, પ્રવેશ ફોર્મ પર પ્રવેશ આપવા અંગેની ભલામણ, તેમજ આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી યુનિવર્સિટીમાં પ્રવેશ ફોર્મ સહિત અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન તા. ૧૦/૦૭/૨૦૨૩ સાંજના ૫.૦૦ કલાક સુધી કરાવવાનું રહેશે.<br>૪. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી, અગાઉ મળેલ પ્રવેશ રદ્દ કરવા અંગેની અરજી ઉપર અગાઉ મળેલ પ્રવેશની કોલેજના આચાર્યશ્રી દ્વારા પ્રવેશ રદ્દ કરવા અંગેની ભલામણ સહિત સહી-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં તા. ૧૦/૦૭/૨૦૨૩ બપોરના ૨.૦૦ કલાક સુધી અરજી આપવાની રહેશે. ત્યારબાદ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રીની ભલામણ, તેમજ સહી સિક્કા પ્રવેશ ફોર્મ પર કરાવી યુનિવર્સિટીમાં તા. તા. ૧૦/૦૭/૨૦૨૩ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં રૂમ નં. ૧૧૮ માં રજૂ કરવાનું રહેશે.</td></tr>
<tr><td>ખાસ નોંધ</td><td>૫. જે બી.એડ્. કોલેજો મેનેજમેન્ટ ક્વોટાની સીટો ધરાવે છે તે કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી સદર ઓપન રાઉન્ડમાં જ કરવાની રહેશે. જેથી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ ફાળવવા અંગેની ભલામણ તેમજ આચાર્યશ્રીના સહી સિક્કા કરી વિદ્યાર્થી દ્વારા રૂબરૂ માં યુનિવર્સિટીમાં પ્રવેશ ફોર્મ સહિત અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન તા. ૧૦/૦૭/૨૦૨૩ સાંજના ૫.૦૦ કલાક સુધીમાં રૂમ નં. ૧૧૮ માં કરાવવાનું રહેશે.<br>૬. ઓપન રાઉન્ડ પૂર્ણ થયાં બાદ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે બી.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરવામાં આવે છે જે અંગે તમામ વિદ્યાર્થીઓએ તથા બી.એડ્. કોલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લેવી.</td></tr>
</table>

નોંધ : ૧. યુનિવર્સિટી/NCTE, New Delhi દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઇપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/બી.એડ્./૨૦૨૩-૨૪/૧૮૫૮

તારીખઃ ૨૬/૦૬/૨૦૨૩

વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજો તરફ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવા જાણ સારૂ

૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા જાણ સારૂ

૩. કુલપતિશ્રીના અંગત મદદનીશ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તરફ જાણ સારૂ